નં.નાનિ/અજાક/અમર/વશી/૨૦૨૩/ ૧૭૯૩
નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
બહુમાળી ભવન, ૩૦૩, ત્રીજો માળ, અમરેલી.
ફો.નં. ૦૨૭૯૨-૨૨૩૪૪૬
Email: dydir-scw-amr@gujarat.gov.in
તા.૨૨/૦૨/૨૦૨૩

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
બહુમાળી ભવન,અમરેલી
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,અમરેલી.

વિષય:- વિદ્યાર્થીઓના આધારનંબર – બેન્ક ખાતા લીંક કરાવવા બાબત

સંદર્ભ:- (૧) કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૪/૦૩/૨૦૨૨ના પત્ર નં. K-110271/1/2021-SCD-V

(૨) અધિક મુખ્ય સચિવ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગાંધીનગરના પત્ર ક્માંક:- SJED/ASO/172022/50/G

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર પરત્વે જણાવવાનુ કે, કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૪/૦૩/૨૦૨૨ના પત્ર નં. K-110271/1/2021-SCD-V થી રજુ થયેલ નવી ગાઈડલાઇન મુજબ વર્ષ:૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય:કેન્દ્ર)ના રેશીયોમાં ચુકવણું કરવાનું નકકી કરવામાં આવેલ છે એટલે કે ૪૦% શિષ્યવૃતિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% ટકા શિષ્યવૃતિ કેન્દ્ર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને સીધી ચુકવવાની રહેશે. વધુમાં, તા.૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,દિલ્હી ખાતે મળેલ બેઠકમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા એમ પણ જણાવવામાં આવેલ છે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું આધારબેઝ કરવાનું રહેશે એટલે કે આધારનંબર સાથે જે બેન્ક ખાતું લીંક હોય તેમાં જ કરવાનું રહેશે.

સંદર્ભિત વિષય બાબતે આપશ્રીને અગાઉ પણ વાકેફ કરવામાં આવેલ છે. તેમ છતાં સંદર્ભ પત્ર (૨) ધ્યાને લેતાં પુન: આપશ્રીને સંદર્ભ પત્ર (૨) માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરાવવા વિનંતી છે.

સંદર્ભ પત્ર (૨) મુજબ કાર્યવાહી કરવા માટે આપશ્રીની તાબાઓ હેઠળની તમામ શાળાઓ/કોલેજો/સંસ્થાઓને જાણ કરી સત્વરે કાર્યવાહી પૂર્ણ કરવા આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.

બિડાણ:- સંદર્ભ પત્ર (૨)

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
અમરેલી

તમામ શાળાઓને
ગાંધીપડી ટૂંકા

પરિપત્ર નં - ૩૧૧

ક્માંક:-પ્રાથમિક/શિષ્યવૃતિ/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૨૪/૦૨/૨૦૨૩

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner

150 YEARS OF CELEBRATING THE MAHATMA

સુનયના તોમર, આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ


સત્યમેવ જયતે


ક્ર: SJED/ASO/172022/50/G
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર
૫/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦


15 FEB 2023

<u>તાત્કાલિક</u>

પ્રતિ,
કલેક્ટરશ્રી,
કલેક્ટર કચેરી,
જિ.............. (તમામ)

વિષય : વિદ્યાર્થીઓના આધારનંબર – બેંક ખાતા લીંક કરાવવા બાબત

સંદર્ભ : ૧. કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/૦૩/૨૨નાપત્ર નં: K-11027/1/2021-SCD-V
૨. કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૩૧/૦૩/૨૧ના પત્ર નં: 14011/04/2019-SCD-V (Part-I)

શ્રીમાન/મહોદયા,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્રો અન્વયે જણાવવાનું કે, ભારત સરકારની "Post Matric Scholarship to SC Students" યોજના તથા "Pre Matric Scholarship to SC Students and Other" યોજનાઓ અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિ યોજનાની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. અગાઉ વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવતી હતી અને કેંદ્ર સરકારનો હિસ્સો કેંદ્ર સરકાર પાસેથી મેળવી લેવામાં આવતો હતો. જ્યારે નવી ગાઇડલાઇન મુજબ વર્ષ:૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય:કેંદ્ર)ના રેશીયોમાં ચુકવણું કરવાનું નક્કી કરવામાં આવેલ છે એટલે કે ૪૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં DBT મારફ્ત ચૂકવવામાં આવશે.

૨. વધુમાં, તા:૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હી ખાતે મળેલ બેઠકમાં એમ પણ જણાવવામાં આવેલ છે કે, વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું આધાર બેઝ્ડ કરવાનું રહેશે એટલે કે આધાર નંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમાં જ શિષ્યવૃત્તિ જમા કરવાની રહેશે.




Scanned with CamScanner